# ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

## એમ.એ. / એમ.કોમ. સેમ-૧ છઠ્ઠી પ્રવેશ યાદી (VSBC)

## વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં અંગે સૂચના

એમ.એ. / એમ.કોમ. સેમ-૧ માં જે વિદ્યાર્થીઓએ ઓનલાઇન GCAS પોર્ટલની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરેલ છે તેવા જ વિદ્યાર્થીઓની મેરીટ યાદી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા સરકારશ્રીની પ્રવેશ માટેની અનામત નીતિને આધારે જનરેટ કરવામાં આવેલ છે, જે મેરીટયાદી કોલેજની વેબસાઈટ તથા કોલેજના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે.

**પ્રવેશ તથા મેરીટ યાદી અંગે અગત્યની સૂચના :**

- છઠ્ઠી પ્રવેશ યાદી(VSBC)માં જેટલી બેઠકો ખાલી છે તેના કરતાં વધુ વિદ્યાર્થીઓને ઓફર આપવામાં આવેલ છે. તેથી મેરીટ યાદીમાં સમાવેશ પામેલ વિદ્યાર્થીઓએ **વહેલા તે પહેલાના ધોરણે** કૉલેજમાં રૂબરૂ આવીને પ્રવેશ મેળવવાનો રહેશે. બેઠકો ભરાઈ ગયા બાદ ઓફર લેટર હશે તો પણ વિદ્યાર્થી પ્રવેશ મેળવવાને પાત્ર ગણાશે નહિ.
- વિદ્યાર્થીઓએ પોતાના GCAS પોર્ટલના લોગીનમાંથી ઓફર લેટર તથા ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કઢાવીને કોલેજમાં ઓરીજનલ ડોક્યુમેન્ટ તથા સ્વ-પ્રમાણિત નકલોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવાનું રહેશે.
- કોલેજમાં ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફાઇ કરાવીને તે જ દિવસે ઓનલાઇન પ્રવેશ ફી ભરાવીને પ્રવેશ કન્ફર્મ કરાવવાની જવાબદારી જે-તે વિદ્યાર્થીની રહેશે. ઓફર લેટરમાં દર્શાવેલ સમયમર્યાદામાં ફી નહીં ભરો તો તમારું નામ અમારી કોલેજની પ્રવેશ પ્રક્રિયામાંથી આપોઆપ નીકળી જશે.
- આપનો પ્રવેશ - ઓફર લેટર GCAS પોર્ટલ પર આપે ભરેલ ઓનલાઈન વિગતો જેવી કે - નામ, ટકાવારી, કેટેગરી વગેરેના આધારે જનરેટ કરવામાં આવેલ છે. રીપોર્ટીંગ દરમ્યાન અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતાં આપે ભરેલ વિગતો ખોટી માલુમ પડશે તો આપની ઓફર રદ ગણવામાં આવશે અને આપ જે-તે વિષયમાં પ્રવેશ મેળવી શકશો નહિ.

## ઓફર લેટર મળ્યા બાદ વિદ્યાર્થીએ નીચે જણાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની નકલ સાથે કોલેજમાં રૂબરૂ આવવાનું રહેશે.

૧. GCAS પોર્ટલ પર ભરેલ ફોર્મની પ્રિન્ટ.

૨. GCAS પોર્ટલ પર પોતાના લીગીનમાંથી મળેલ ઓફર લેટરની પ્રિન્ટ.

૩. શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. (એલ.સી.)

૪. ધોરણ-૧૨ માર્કશીટની નકલ.

૫. સેમ-૧ થી ૬ ની કોલેજમાંથી મળેલ માર્કશીટની નકલ. (જે માર્કશીટ કોલેજમાં આવેલ નથી તેની ઓનલાઈન પ્રિન્ટ ચાલશે)

૬. માર્ચ-૨૦૨૬ પહેલા સેમ-૬ ની પરીક્ષા પાસ કરેલ હોય તો રૂા.૫૦ ના સ્ટેમ્પ પેપર પર ગેપ અંગેના નોટરી કરેલ સોગંદનામાની નકલ.

૭. જાતિ અંગેના દાખલાની નકલ. (SEBC/SC/ST/EWS કેટેગરી માટે)

૮. ફોર્મમાં SEBC(OBC) કેટેગરી દર્શાવેલ વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કઢાવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૯. ફોર્મમાં EWS કેટેગરી દર્શાવેલ આર્થિક રીતે નબળા વર્ગોમાં આવતા વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૪/૨૦૨૪ બાદ કઢાવેલ EWS પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૧૦. આધારકાર્ડની નકલ.

૧૧. Academic Bank of Credit (ABC) ID ની નકલ. (ફરજીયાત)

૧૨. અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ www.erp.ngu.ac.in પાટણ યુનિવર્સિટીના ERP પોર્ટલમાંથી Provisional Eligibility Certificate (PEC) ફરજીયાત લાવવાનું રહેશે.

૧૩. સ્પોર્ટસ કેટેગરી દર્શાવેલ હોય તો રાજય અથવા કેન્દ્ર સરકારના પ્રમાણપત્રોની નકલ.

૧૪. દિવ્યાંગ દર્શાવેલ હોય તો દિવ્યાંગતાના પ્રમાણપત્રની નકલ. (ગુજરાત રાજય)

૧૫. પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો.

***નોંધ - ઉપરોક્ત પ્રમાણપત્રો અસલ તથા તેની એક ઝેરોક્ષ નકલ સાથે લાવવાના રહેશે.***

**વિદ્યાર્થીઓએ તા.05/08/2026 થી તા.06/08/2026, સવારે ૮-૩૦ થી ૦૧-૦૦ વાગ્યા સુધીમાં ઓફર લેટર સાથે કોલેજમાં રૂબરૂ રીપોર્ટીંગ કરીને ઓનલાઈન ફી ભરવાની રહેશે.**

## કોલેજમાં રોકડમાં (Cash) ફી સ્વીકારવામાં આવતી નથી.